# The Bar Council of Gujarat

3rd Floor, Satyamev Complex, Opp. Gujarat High Court, Sola,
Ahmedabad - 380 060. Phone: (079) 2743 4073, 2970 1096
E-mail: mail@barcouncilofgujarat.org - Website: www:barcouncilofgujarat.org

Ref. No.: BCG / 8584 /2025 Date : 18 SEP 2025

પ્રતિ,
પ્રમુખશ્રી/સેક્રેટરીશ્રી,
તમામ બાર એસોસિએશન,
ગુજરાત રાજ્ય

**વિષય : "ગુજરાત બાર એસોસિએશનોના નિયમો, ૨૦૧૫" અન્વયે**
**તા.૧૯/૧૨/૨૦૨૫ ના રોજ ચુંટણી યોજવા બાબત...**

મહાશયશ્રી,

આથી તમામ બાર એસોસિએશનોમાં શિસ્તબધ્ધ ચુંટણી પ્રક્રિયાઓ પુરી પાડવા માટે "બાર એસોસિએશન ઓફ ગુજરાત રુલ્સ, ૨૦૧૫" મુજબ બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની તા.૧૪/૦૯/૨૦૨૫ ના રોજ મળેલ સાધારણ સભામાં સર્વાનુમતે થયેલ ઠરાવ મુજબ તમામ બાર એસોસિએશનમા **તા.૧૯/૧૨/૨૦૨૫** ના રોજ ચુંટણી યોજવાની રહેશે.

દરેક બાર એસોસિએસને બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના નિર્દેશ અનુસાર નીચે મુજબનો ચુંટણી કાર્યક્રમ જાહેર કરી તપજ તેનુ ફરજીયાત પાલન કરવાનુ છે તેની નોંધ લેશો.

| અનુ. નં. | વિગત | તારીખ |
|---|---|---|
| ૧ | બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની ઓફીસમા આપના બાર એસોસિએસનમા નોંધાયેલા સભ્યોની યાદી મોકલવાની છેલ્લી તારીખ | તા.૨૦/૧૧/૨૦૨૫ |
| ૨ | ચુંટણી કમિશ્નરશ્રી ની નિમણુંક કરવાની છેલ્લી તારીખ | તા.૨૧/૧૧/૨૦૨૫ |
| ૩ | મતદાર યાદીનુ નોટીસ બોર્ડ પર પ્રકાશન | તા.૨૪/૧૧/૨૦૨૫ |
| ૪ | જો કોઈ વાંધા હોય, તો તે વાંધા અરજી ચુંટણી કમિશ્નરશ્રી સમક્ષ રજુ કરવી | તા.૨૬/૧૧/૨૦૨૫ થી તા.૨૮/૧૧/૨૦૨૫ |
| ૫ | આખરી મતદારયાદી પ્રકાશન | તા.૨૯/૧૧/૨૦૨૫ |
| ૬ | ઉમેદવારી કરવા માટે આવેદનપત્ર ભરવાની તારીખ | તા.૦૧/૧૨/૨૦૨૫ થી તા.૦૫/૧૨/૨૦૨૫ |
| ૭ | ઉમેદવારી ફોર્મની ચકાસણી કરવી | તા.૦૮/૧૨/૨૦૨૫ |
| ૮ | ઉમેદવારી ફોર્મ પરત ખેંચવાની તારીખ | તા.૦૯/૧૨/૨૦૨૫ |
| ૯ | ઉમેદવારી પાછી ખેંચાયા પછી ઉમેદવારોની આખરી યાદી | તા.૧૦/૧૨/૨૦૨૫ |
| ૧૦ | ચુંટણી તારીખ | તા.૧૯/૧૨/૨૦૨૫ |

THE SURAT DIST. BAR ASSOCIATION, SURAT

22/09/2025
11:15 am

વધુમા જણાવવાનુ કે કોઇપણ બાર એસોસિએસન પોતાની સામાન્યસભામા ફક્ત ઠરાવ કરીને બાર એસોસિએસનના હોદ્દારો કે કારોબારી સમિતિની નિમણુંક કરી શકશે નહિ ઉપરાંત જે તે બાર એસોસિએસનને ચુંટણી યોજવાની થતી હોય તેવા દરેક બાર એસોસિએસનોએ ચુંટણી સંદર્ભે ગુજરાત બાર એસોસિએસનોના નિયમો,૨૦૧૫ ના નિયમ-૪૯ મુજબ ચુંટણીની પ્રક્રિયા ફરજીયાત રીતે હાથ ધરવાની રહેશે.

જે અનુસંધાને દરેક બાર એસોસિએસનોને તા.૧૫/૧૧/૨૦૨૫ સુધીમા પોતાના બાર એસોસિએસનના સભ્યોને "One Bar One Vote" હેઠળ મતદાર બનાવી તેવા સભ્યોની સહી-સિક્કાવાળી મતદારયાદી તા.૨૦/૧૧/૨૦૨૫ સુધી બાર કાઉન્સિલ ઓફ ગુજરાતને મોકલી આપવા જણાવવામા આવે છે. જે બાર એસોસિએસને તા.૨૦/૧૧/૨૦૨૫ સુધી પોતાની મતદારયાદી મોકલી નહિ હોય તેવા એસોસિએસનની ચુંટણી અંગેની કોઇપણ તકરાર બાર કાઉન્સિલ ઓફ ગુજરાત સમક્ષ લાવી શકાશે નહિ અને તે સંજોગોમાં બાર કાઉન્સિલ ઓફ ગુજરાત નિયમ અનુસાર યોગ્ય કાર્યવાહી કરશે તેમજ બાર કાઉન્સિલ ઓફ ગુજરાત દ્વારા બાર એસોસિએસનને મળવાપાત્ર લાભોથી પણ વંચિત રહેશે.

**દરેક બાર એસોસિએસનોએ તા.૨૧/૧૧/૨૦૨૫ સુધીમા પોતાના બારમાં ચુંટણી અધિકારીની નિમણુંક કરવાની રહેશે.** તેમજ કોઇપણ ધારાશાસ્ત્રી એક કરતા વધુ બાર એસોસિએસનમા મતદાન કરી શકશે નહિ કે ચુંટણી લડી શકશે નહિ. તેમજ જો કોઇ ધારાશાસ્ત્રી એક કરતા વધુ જગ્યાએ મતદાન કરતા માલુમ પડશે તો ગુજરાત બાર એસોસિએસન રૂલ્સ.૨૦૧૫ અનુસાર તેમને ત્રણ વર્ષ માટે એસોસિએસનમાંથી બરતરફ કરવામા આવશે તેમજ એડવોકેટસ એક્ટ.૧૯૬૧ની કલમ-૩૫ મુજબ વ્યવસાયિક ગેરવર્તણુક માટે જવાબદાર રહેશે. દરેક ચુંટણી કમિશ્નરશ્રીએ જે તે બાર એસોસિએસનની મતદારયાદી ફરજીયાતરીતે નોટીસ બોર્ડ પર પ્રસિધ્ધ કરવાની રહેશે. અને કોઇપણ ધારાશાસ્ત્રીને વાંધા અરજી આપવી હોય તો તે ચુંટણી કમિશ્નરશ્રીને અથવા બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની કચેરીએ પુરાવાસહિત લેખિત જાણ કરવાની રહેશે.

વધુમા જણાવવાનુ કે, નામદાર સુપ્રિમ કોર્ટ ઓફ ઇન્ડિયાએ તા.૦૯/૦૩/૨૦૨૫ ના રોજ **Writ Petition (c) No.819/2024 (Meena A. Jagtap V/s. Bar Council of India & ors.)** ના કેસમા આપેલ ચુકાદા અનુસાર બાર એસોસિએસનોની ચુંટણી સંદર્ભે મહીલા અનામત માટે આપેલ સુચનાનુ લાગતા-વળગતા બાર એસોસિએસનોએ ચુકાદામાં જણાવ્યા મુજબ અક્ષરસહ પાલન કરવાનુ રહેશે. (જે ચુકાદાની નકલ આ સાથે મોકલી આપેલ છે)

ત્યારબાદ, તા.૧૯/૧૨/૨૦૨૫ના રોજ ચુંટણી અધિકારીએ ચુંટણી પ્રક્રિયા પુર્ણ કરી જાહેર થયેલ પરિણામની બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની કચેરીને જાણ કરવાની રહેશે તેમજ પરિણામ અંગે કોઇ ઉમેદવારને વાંધો હોય તો "ગુજરાત બાર એસોસિએસન રૂલ્સ.૨૦૧૫" ના નિયમ-૪૯ (જી) અનુસાર દિન-૧૦ મા બાર કાઉન્સિલ ઓફ ગુજરાતને નિયમ અનુસાર અરજી મોકલી આપવાની રહેશે.

વધુમા, જે ધારાશાસ્ત્રીએ "All India Bar Examination" પાસ કરેલ નથી અથવા ફક્ત પ્રોવીઝનલ એનરોલમેન્ટ મેળવેલ હોય તેવા કોઇપણ ધારાશાસ્ત્રી તા.૧૯/૧૨/૨૦૨૫ ના રોજ યોજાનાર ચુંટણીમાં મતાધિકાર મેળવવા સારૂ હકકદાર રહેશે નહી જે જાણશો.

જો કોઈ બાર એસોસિએસન નિયત સમય મર્યાદામાં ચુંટણી પ્રક્રિયા શરૂ કરીને પુરી કરવામા નિષ્ફળ જશે તેમજ આ અંગેના નિર્દેશોનુ બરાબર પાલન નહિ કરે તો તેવા બાર

એસોસિએશન સામે તાત્કાલીક અસરથી પગલા લેવામાં આવશે અને જરૂર જણાય તેવા બાર એસોસિએશનની માન્યતા રદ કરવા સુધીની કાર્યવાહી પણ થઇ શકે છે.

ઉપરોક્ત બાબતે ચુંટણી સંદર્ભની તમામ જવાબદારી તેમજ સત્તાઓ બાર એસોસિએશન દ્વારા નીમાયેલ ચુંટણી કમીશનરશ્રીની રહેશે અને નામદાર ગુજરાત હાઇકોર્ટની SCA No. 22711/2017 ના હુકમમાં દર્શાવેલ નિર્દેશો મુજબ પાલન કરવાનું રહેશે.

આથી. ગુજરાતના તમામ એસોસિએશનોના પ્રમુખ/સેક્રેટરીશ્રી તથા હોદ્દેદારોને આથી નમ્ર વિનંતી કરવામાં આવે છે કે, આપના બાર એસોસિએશનના તમામ સભ્યોને આ બાબત જાણકારી આપવા તેમજ પટનુ કરવા આ પત્ર આપના બાર એસોસિએશનના નોટીસ બોર્ડ પર મુકવા વિનંતી છે.

આભાર સહ.

આપના વિશ્વાસુ.

| | | |
|---|---|---|
| (જે. જે. પટેલ) | (મુકેશ સી. કામદાર) | (નલિન ડી. પટેલ) |
| ચેરમેન | વાઇસ-ચેરમેન | ચેરમેન, એક્ઝીક્યુટીવ કમિટી |
| બાર કાઉન્સિલ ઓફ ગુજરાત | બાર કાઉન્સિલ ઓફ ગુજરાત | બાર કાઉન્સિલ ઓફ ગુજરાત |

નોંધ

(૧) દરેક બાર એસોસિએશને "ગુજરાત બાર એસોશિએસન રુલ્સ. ૨૦૧૫" ના નિયમો અને બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના નિર્દેશોનુ ચુસ્તપણે પાલન કરવાનુ રહેશે.

(૨) દરેક બાર એસોસિએશને (વકીલ મંડળ) તા. ૨૧/૧૧/૨૦૨૫ સુધી પોતાના બાર એસોસિએસનની ચુંટણી માટે ચુંટણી કમિશ્નર/કમિશ્નરશ્રીઓની નિમણુંક કરી તેમના નામ, સરનામા, મોબાઇલ ફોન નંબર અને ઇ-મેઇલની માહિતી બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની કચેરીએ મોકલી આપવી. તેમજ અત્રેની કચેરીના ઇન્ચાર્જ સેક્રેટરીના મોબાઇલ નં. ૮૫૧૧૮૪૧૨૯૯ પર વોટસએપ થી મોકલી આપવી.

THE SURAT DIST. BAR ASSOCIATION * SURAT *



IN THE SUPREME COURT OF INDIA

CIVIL ORIGINAL JURISDICTION

WRIT PETITION (C) NO.819 OF 2024

MEENA A. JAGTAP … PETITIONER

Versus

BAR COUNCIL OF INDIA & ORS. … RESPONDENTS

O R D E R

1. The instant Writ Petition has been filed invoking writ jurisdiction of this Court under Article 32 of the Constitution, seeking a direction for providing reservation for women in the Bar Associations in the State of Gujarat as well as the Bar Council of Gujarat.

2. As of now, we deem it appropriate to consider the matter only with respect to the High Court Bar Association and all the District Bar Associations in the State of Gujarat.

3. Vide order dated 31.01.2025, the High Court's Bar Association at Ahmedabad and the Civil Court Lawyers' Association were directed to be impleaded as party respondents for proper adjudication of the issue in question. On being impleaded, notice was issued to the newly added respondents on 17.03.2025.

4. As per the Office Report, service is complete. However, no one has entered appearance on behalf of the impleaded respondents.

Signature Not Verified

5. Keeping in mind the view taken by this Court in the case of Supreme Court Bar Association vs. B.D. Kaushik & Anr.

THE SURAT DIST. BAR ASSOCIATION * SURAT *

[M.A......Diary No.13992/2023], Fozia Rahman vs. Bar Council of Delhi & Anr. [SLP(C) No.24485/2024], and Deeksha N. Amruthesh vs. State of Karnataka & Ors. [SLP(C) No.1404/2025], we see no reason to take a different view in this case of the Bar Associations of the State of Gujarat.

6. Consequently, it is directed that 30% posts of Executive Members along with that of 'Treasurer' of the High Court Bar Associations as well as all the District Bar Associations shall be exclusively earmarked/reserved for women advocates.

7. So far as such reservation in the Bar Councils is concerned, the matter shall be taken up separately in respect of all the State Bar Councils as well as the Bar Council of India.

8. The Writ Petition stands disposed of in the above terms.

..............................J.
(SURYA KANT)

..............................J.
(NONGMEIKAPAM KOTISWAR SINGH)

NEW DELHI;
MAY 09, 2025.

ITEM NO.32 COURT NO.3 SECTION X

S U P R E M E C O U R T O F I N D I A
RECORD OF PROCEEDINGS

Writ Petition(s)(Civil) No(s).819/2024

MEENA A. JAGTAP Petitioner(s)

VERSUS

BAR COUNCIL OF INDIA & ORS. Respondent(s)

FOR ADMISSION

Date : 09-05-2025 This petition was called on for hearing today.

CORAM :
HON'BLE MR. JUSTICE SURYA KANT
HON'BLE MR. JUSTICE NONGMEIKAPAM KOTISWAR SINGH

For Petitioner(s) Mr. Anil Kumar Mishra, Adv.
Mr. Aditya Jain, Adv.
Mr. Ankit Dhawan, Adv.
Mr. Supantha Sinha, Adv.
Mr. Mohit Miglani, Adv.
Mr. Satyam Shivaach, Adv.
For M/S. J & D Law Offices, AOR

For Respondent(s) Ms. Radhika Gautam, AOR
Ms. Anjul Dwivedi, Adv.

UPON hearing the counsel the Court made the following
O R D E R

The Writ Petition stands disposed of in terms of the signed order.

(SATISH KUMAR YADAV)
ADDITIONAL REGISTRAR

(PREETHI T.C.)
ASSISTANT REGISTRAR

(Signed order is placed on the file)

THE SURAT DIST. BAR ASSOCIATION * SURAT *